સરકારી કર્મચારીઓ માટે ૧૨ અને ૨૪ વર્ષે
ઉચ્ચતર પગાર ધોરણ આપવાની યોજનાની
દરખાસ્તોમાં ચેકલીસ્ટ મુજબ ચકાસણી
કરવા બાબત...

ગુજરાત સરકાર,
નાણા વિભાગ,
ક્રમાંક પગર-૧૦૨૦૧૩-૩૮૨-મ,
સચિવાલય, ગાંધીનગર.
તા. - 3 AUG 2013

# પરિપત્ર

રાજ્ય સરકારના કર્મચારીઓને ૧૨ અને ૨૪ વર્ષે ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરવા અંગેના નાણા વિભાગના તા. ૨-૭-૨૦૦૭ના ઠરાવ ક્રમાંક: પગર-૧૦૨૦૦૭-૬૧૫-મ, થી સુધારેલી યોજના અમલમાં મૂકવામાં આવેલ છે, તેને ધ્યાને લઈને સરકારી કર્મચારીઓને ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરવા બાબતે સચિવાલયના વિવિધ વિભાગો તરફથી માર્ગદર્શન/અભિપ્રાય માટે નાણા વિભાગને જે દરખાસ્તો રજુ કરવામાં આવે છે તે અધૂરી વિગતોવાળી અને અસ્પષ્ટ હોય છે, જેને કારણે ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરવામાં વિલંબ થાય છે અને વહીવટી પ્રશ્નો ઉપસ્થિત થાય છે.

આથી કાળજીપૂર્વકની વિચારણાને અંતે સચિવાલયના સર્વે વહીવટી વિભાગોને, સરકારી કર્મચારીઓને ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરવાની દરખાસ્તોની ચકાસણીમાં સરળતા રહે તથા એકસૂત્રતા જળવાઈ રહે તે હેતુથી જે દરખાસ્તો નાણા વિભાગને રજુ કરવામાં આવે છે તેમાં, આ સાથે સામેલ રાખેલ ચેક લિસ્ટ અનુસાર સંપૂર્ણ વિગતો સાથે ચકાસી દરખાસ્ત કરવાની કાર્યપધ્ધતિ અપનાવવા વિનંતી છે. કે જેથી ઉચિત અને વિના વિલંબે નિર્ણય લેવામાં તેમજ કેસના નિકાલમાં સરળતા રહે. આ સૂચનાઓનો અમલ થાય તે જોવા સર્વે વહીવટી વિભાગના વડાએ કાળજી રાખવા વિનંતી છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(શૈલેષ વી. પરમાર)
ઉપ સચિવ
નાણા વિભાગ.

પ્રતિ,

0 સચિવાલયના સર્વે વિભાગો,
0 નાણા વિભાગની સર્વે શાખાઓ,
0 સિલેકટ ફાઈલ-મ શાખા
0 સીસ્ટમ મેનેજર નાણાં વિભાગ, વેબસાઈટ પર મૂકવા

## <u>ચેકલિસ્ટ</u>

ઉચ્ચતર પગર ધોરણ મંજુર કરવા અંગેની દરખાસ્ત કરતી વખતે રજુ કરવાની માહિતી દર્શાવતું

પત્રક

| | | |
|---|---|---|
| (૧) | કર્મચારીનું નામ | |
| (૨) | કચેરીનું નામ/ મૂળ નિમણુંકનો હોદ્દો અને તારીખ | |
| (૩) | હાલનું પગાર ધોરણ | |
| (૪) | નિયત પૂર્વ સેવા તાલીમની તારીખ અને પરીક્ષા પાસ કર્યા તારીખ અને ભોગવેલ તકની વિગત. | |
| (૫) | અન્ય ખાતા /જિલ્લામાંથી બદલીથી આવેલ હોયતો તેની વિગત | |
| (૬) | બઢતી મળ્યાની તારીખ અને હોદ્દો અને પગાર ધોરણ (કાર્યાલય આદેશની નકલ સાહિત) ની વિગત | |
| (૭) | (૭) જગ્યા એકાંકી છે કે કેમ? તા. ૧-૬-૮૭ ન રોજ એકાકી જગ્યા હતી કે કેમ?( તા. ૧-૬-૮૭ ના રોજ અમલમાં હોય તે તથા અત્યાર સુધીની તમામ ભરતી નિયમો) | |
| (૮) | મૂળ નિમણુંક/બઢતીની જગ્યાના ભરતી નિયમોની નકલો | |
| (૯) | બઢતીના માળખામાં દર્શાવેલ તમામ જગ્યાના ભરતી નિયમો | |
| (૧૦) | બઢતીની જગ્યામાં કેટલી પુરક જગ્યાઓ છે. | |
| (૧૨) | પૂરક જગ્યાના પગાર ધોરણ | |
| (૧૩) | બઢતીનો અસ્વીકાર કરેલ હોય તો તેની સંપૂર્ણ વિગત | |
| (૧૪) | બઢતીનું મળખું અને તેના પગાર ધોરણની વિગત | |
| (૧૫) | બઢતીની કઈ જગ્યાનું પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરવાનું છે. તેની વિગત(જગ્યાનુ નામ અને પગાર ધોરણ ) | |
| (૧૬) | ફાજલ થઈ પુનઃ નોકરીમાં સમાવેશ થયેલ હોય તો તેની વિગત. | |
| (૧૭) | નિયત બઢતી માટેની ખાતાકીય પરીક્ષા પાસ કર્યાની વિગત | |
| (૧૮) | કોઈ કોર્ટ કેસ થયેલ હોય તો તેની વિગત(આદેશના હુકમ સહિત) | |
| (૧૯) | બઢતી માટે સીસીસી/સીસીસી+ પરીક્ષા પાસ કર્યાની વિગત | |
| (૨૦) | લાગુ પડતી હિન્દી પરીક્ષા પાસ કર્યાની વિગત્ | |
| (૨૧) | પ્રથમ ઉચ્ચતર મંજુર કરેલ હોય તો તેની વિગત( આદેશની નકલ સહિત) | |
| (૨૨) | તા. ૧૮-૨-૨૦૧૧ ના ઠરાવ મુજબ દ્વિતીય ઉચ્ચતર પગાર તથા તા. ૨-૭-૨૦૦૭ ના ઠરાવ મુજબ દ્વિતીય ઉચ્ચતરપગાર ધોરણ મળવાપાત્રની તારીખ અને ઈજાફાની તારીખ. | |
| (૨૩) | દ્વિતીય ઉચ્ચતર પગાર ધોરણ કઈ જગ્યાનું મંજુર કરવાનુ છે તેની વિગત(ભરતી નિયમોની નકલ્ સહિત) | |
| (૨૪) | સેવાતૂટ સળંગ ગણેલ હોય તો થયેલ હુકમની નકલ સહિતની વિગત | |
| (૨૫) | નાણા વિભાગના ઠરાવના કયા મુદ્દા અંગે માર્ગદર્શન ની જરુર છે તેની વિગત વિભાગનો સ્પષ્ટ અભિપ્રાય | |
| (૨૬) | વિભાગનો સ્પષ્ટ અભિપ્રાય | |